# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

આક્ષેપોથી કૂંથે એકમેકને, વિકાસ રૂંધે છે!
પોકળ વાયદે, વચનોની માયાજાળ ગૂંથે છે!
'પ્રજાસત્તાક' ના મુખવટે મુખત્યારોને મોજ -
જૂથે રાષ્ટ્રીય એકતા ગીધો, લોકશાહી ચૂંથે છે..

## હાઈકુ

ભૂખી તરસી!
લૂખાં-સૂકાં ભાષણે -
લટકી ઝંડે
('પ્રજા સત્તાક')

દક્ષિણા વિના
કરો જો 'પ્રદશિક્ષા'
મળે ન ફળ..
(નગરની તાસીર)

## ચિંતન

*ગુપ્ત દેશે મહાનસિકઃ સર્વમાસ્વાદ્ બાહુલ્યેન કર્મકારયેત ।*
*તદ્ર+રાજા તથૈવ પ્રતિ ભુજ્જીત પૂર્વ મગ્નેય વયોભ્યશ્ચ બલિં કૃત્વા ॥*

'રાજાના મુખ્ય રસોઇયાએ રાજાનું ભોજન ગુપ્ત સ્થળે જ તૈયાર કરવું અને ગુપ્ત જ રાખવું. વળી એ ભોજન પીરસતાં પહેલાં જાતે જ ચકાસી-ચાખી પછી જ-સ્વાદ વગેરે કે શંકાશીલ ખાદ્ય બાબતે તપાસ કરી નિશ્ચિત થયા પછી જ એ ભોજન રાજાને પીરસવું-રાજાએ પણ એ ભોજનનો પ્રથમ ગ્રાસ પશુ-પંખીને ખવડાવીને પછી જ આરોગવું.'

આ શ્લોક તો પ્રાચીન છે અશોક અને ચાણક્યના સમયનો, તે વખતે પણ રજવાડાંઓમાં ગુપ્તચરો અને દગાબાજીનું મહત્ત્વ હતું. ઝેર દઇને વિશ્વાસ જીતીને - દગાથી રાજાઓને મારી નાખવામાં આવતા હતા. આજે પણ સભ્યોને પૈસા અને પદની લાલચ આપી ફોડી નાખવામાં આવે છે.

ભોળાભટાક રાજાએ પ્રધાનમંડળનો પણ વિશ્વાસ ન કરવો. કેશુભાઇ, વિશ્વાસ મૂકી વિદેશ ગયા અહીં 'રાજપલ્ટો' થઇ ગયો ત્યારથી આજ દિવસ સુધી તેમને પીડા સહન કરવી પડી.

લાલબહાદુર શાસ્ત્રીએ રશિયામાં પ્રાણ ગુમાવ્યા. રસોઇઓ પોતાનો જ વિશ્વાસુ હતો?!

માટે રાજાએ-પ્રધાનમંત્રીએ સતત કાગડાની જેમ સાવચેત રહીને જ - જાગૃત રહેવું જોઇએ.

કોઇનો પણ વિશ્વાસ ન કરવો.

'કલાપી'ની પત્નીને હાથે જ - પ્રાણ ત્યાગ કર્યા.

## સુવિચાર

- સાચો ધર્માત્માને કોઇની પણ ગરજ હોતી નથી, પણ દુનિયાને જ તેની ગરજ (આવશ્યકતા) રહે છે - ***એસ. ભટ્ટાચાર્ય***
- વસ્તુઓ વિના પણ આપણે રહી શકીએ છીએ.. જેના વિના આપણે રહી શકીએ છીએ. તેના આપણે ગુલામ કેમ બનીએ? - ***અમૃતબિંદુ***
- બીજાઓની પ્રસન્નતાથી મળેલી વસ્તુ દૂધ સમાન છે, માંગીને લીધેલી વસ્તુ પાણી સમાન છે, અને બીજાનું દિલ દુભાવીને લીધેલી વસ્તુ લોહી સમાન છે - ***અરબી કહેવત***
- આપણાથી અલગ તે જ થશે, જે સદાથી જ અલગ છે અને મળશે તે જ, જે સદાથી મળેલું જ છે - ***ધર્મસૂત્ર***
- 'સંતોષ' સમાજ સુધારાનો મૂળ મંત્ર છે - ***ડો. ચન્દ્રકાન્ત મહેતા***
- 'હું જ્ઞાની છું' અને 'હું અજ્ઞાની છું' આ બંને માન્યતાઓ અજ્ઞાનીઓની છે - ***જ્ઞાનસૂત્ર***
- મળેલા સંસારનો દુરૂપયોગ ન કરો, જાણેલા તત્ત્વનો અનાદર ન કરો અને માનેલા પરમાત્મામાં સંદેહ ન કરો - ***રજનીશ***

***(સંકલન : દીપક વી.આસરા)***

## બોધ કથા

આજકાલ દિલ્હીમાં અરાજકતા ફેલાઇ છે કોણ સાચું-કોણ ખોટું એમાં પડ્યા વિના આ અરાજકતાનું મૂળ રાજા પોતે જ બની ગયા છે. ભલે મુદ્દો અને લડત સાચી છે પણ રીત યોગ્ય નથી. રાજાનો જીવ, સંચાલન, તેના નિર્ણયોના વિરોધ કે ટીકા પણ થાય, વખણાય પણ ખરા પણ એમાં રાજાએ તટસ્થ-ન્યારા રહેવું જોઇએ. કેજરીવાલ ખુદ ધરણા પર બેઠા તેને બદલે તેના આ બાબતોને લગતા પ્રધાન જ ધરણા પર બેઠા હોત તો જાણે નિર્ણય-સંચાલન માટે મુક્ત રહી શક્યા હોત! ખેર!

એક રાજા તેના વિશ્વાસુ-વફાદાર સૈનિકો સાથે જંગલમાં શિકાર માટે ગયો હતો. રસ્તો ભૂલ્યા વચ્ચે નદી આવી. રાજાનું નેતૃત્વ હતું એટલે રાજાએ કહ્યું પહેલાં હું આ નદીમાં પડું છું જેથી પાણીની ગહનતા-ગતિ અને અંદરના જંગલી જળચરોનો ખ્યાલ આવે, પછી જ તમે અંદર પડજો!

પણ, તરત એક વિશ્વાસુ-વફાદાર પ્રધાન બોલી ઉઠ્યો - શબૂર! રાજાજી આપ ઊંચા-શ્રેષ્ઠ પદ પર છો તમારૂં નેતૃત્વ-નિર્ણય અને જીવન રાજયની પ્રજા માટે અને અમારે માટે મહત્ત્વના છે. 'આપ' વિના અમે સૌ અનાથ અને વેરવિખેર થઇ જશું. માટે પહેલા હું નદીમાં ઉતરીશ અને સહીસલામત પાર ઉતરી જાઉં પછી જ તમે અંદર કૂદજો!

કેજરીવાલના પ્રદાનમંડળમાં આવો કોઇ પ્રધાન નહીં હોય કદાચ!!

Email - sureshchandrabhatt18@gmail.com

# વિકાસના પરિમાણ સ્વરૂપ વ્યક્તિમાં નવીન વિશેષતાઓ અને નવીન યોગ્યતાઓ પ્રગટ થાય છે

***સર્વલક્ષી બાલવિકાસની અવધારણા***

***- હર્ષદ પ્ર. શાહ***

સર્વલક્ષી બાલવિકારની અવધારણા

'બાળવિકાસ' અંગે બે પ્રખર ચિંતકોનાં કથન જોઈએ -

'વિકાસ વૃદ્ધિ સુધી જ સીમિત નથી. વિકાસમાં પરિપક્વ અવસ્થાના લક્ષ્ય પ્રત્યે પરિવર્તનોનો પ્રગતિશીલ' ક્રમ સમાયેલો છે. વિકાસના પરિમાણ સ્વરૂપ વ્યક્તિનાં નવીન વિશેષતાઓ અને નવીન યોગ્યતાઓ પ્રગટ થાય છે.'

● સ્કિનર કહે છે -

'વિકાસ જીવ અને તેના વાતાવરણની અન્તઃક્રિયાનું પ્રતિફળ છે.'

વૃદ્ધિ અને વિકાસ

***વૃદ્ધિ* (Growth)**

(૧) વૃદ્ધિનું સ્વરૂપ બાહ્ય હોય છે.
(૨) કેટલાક સમય પછી વૃદ્ધિ અટકી જાય છે.
(૩) વૃદ્ધિનો પ્રયોગ સંકુચિત અર્થમાં થાય છે.
(૪) વૃદ્ધિનો કોઈ નિશ્ચિત ક્રમ નથી હોતો.
(૫) વૃદ્ધિની કોઈ નિશ્ચિત દિશા નથી હોતી.
(૬) વૃદ્ધિનો કોઈ લક્ષ્ય નથી હોતું.
(૭) વૃદ્ધિનું માપન શક્ય છે - જેમ કે; ઊંચાઈ, વજન વગેરે.

***વિકાસ* (Development)**

(૧) વિકાસ આંતરિક હોય છે.
(૨) વિકાસ જીવનપર્યાય થતો રહે છે.
(૩) વિકાસ શબ્દ વ્યાપક અર્થમાં વપરાય છે.
(૪) વિકાસમાં નિશ્ચિત ક્રમ હોય છે.
(૫) વિકાસની નિશ્ચિત દિશા હોય છે.
(૬) વિકાસનું કોઈ ને કોઈ લક્ષ્ય હોય છે.
(૭) વિકાસનું સીધું માપન શક્ય નથી. દા.ત. બુદ્ધિ માપી શકાતી નથી.

***શૈસવ અને પ્રારંભિક બાલ્યાવસ્થાની વિકાસપ્રક્રિયા***

(૧) સંકેતરૂપે વાત કરવી
(૨) નૈસર્ગિક ક્રિયાઓ પર નિયંત્રણ અને પ્રભુત્વ
(૩) શારીરિક ક્રિયાઓમાં સ્થિરતા
(૪) સામાજિક અને ભૌતિક વિશ્વનો પ્રાથમિક પરિચય
(૫) પારિવારીક સંબંધનો પરિચય
(૬) સારા અને ખરાબ વચ્ચેનો ભેદની પ્રારંભિક સમજણ

***મધ્ય બાલ્યાવસ્થાની વિકાસપ્રક્રિયા***

(૧) સામાન્ય રમત-ગમતનું કૌશલ્ય
(૨) સમવયસ્કોની સાથે થોડો સમય વિતાવવો
(૩) 'સ્વ' પ્રત્યે જાગૃત
(૪) નીતિ-મૂલ્યોનો વિકાસ અને ગુણવિકાસ
(૫) વાચન, લેખન અને ગનના પ્રારંભિક કૌશલ્યોનો વિકાસ

વ્યક્ત શરીર ચાર અવ્યક્ત તત્ત્વોથી સંચાલિક અને પ્રભાવિત છે - પ્રાણ, મન, બુદ્ધિ અને આત્મા. તેથી બાળકને મનુષ્ય બનાવવા ઈચ્છતા અને એમનો સર્વાંગીણ વિકાસ ઈચ્છતા પરિવારોએ એમનો પાંચેય આયામોમાં વિકાસ સધાય એવા પ્રયત્નો કરવા જોઈએ.

| ક્રમ | આયામ | પરિમાણ |
|---|---|---|
| (૧) | શારીરિક વિકાસ (શરીર) | તંદુરસ્ત અને સ્વસ્થ |
| (૨) | પ્રાણિક વિકાસ (પ્રાણ) | સંતુલન અને સમ્યક્ વ્યવહાર |
| (૩) | માનસિક વિકાસ (મન) | સદ્વિચારી અને સંવેદનશીલ |
| (૪) | બૌદ્ધિક વિકાસ (બુદ્ધિ) | વિવેક, જ્ઞાન અને તર્કથી સત્યને શોધનાર |
| (૫) | આત્મિય વિકાસ (આત્મા) | સેવાભાવી અને સર્વ જીવો પ્રત્યે સમદ્દિષ્ટ રાખનાર |

અક્ષાંશ અને રેખાંશની જેમ વિકાસની અવધારણાને સમજવા બીજા પાંચ શબ્દોનો આધાર લઈએ.

(૧) જ્ઞાનાત્મક વિકાસ
(૨) કૌશલાત્મક વિકાસ
(૩) ભાવાત્મક વિકાસ
(૪) સર્જનાત્મક વિકાસ
(૫) ચરિત્રાત્મક વિકાસ

મનુષ્યને જીવનમાં જેટલું જ્ઞાન જરૂરી છે. તેટલું જ મહત્ત્વ ક્રિયા અને કૌશલ્યનું છે. દરેકનું ભાવવિશ્વ પણ અલગ છે. તેથી ભાવાત્મક વિકાસ પણ ખૂબ મહત્ત્વનો છે. સર્જનશીલતા જીવનવિકાસનું અભિન્ન અંગ છે. ચરિત્રાત્મક વિકાસ એટલે 'સ્વ' ની ઓળખ અને સદ્ગુણોના આવિષ્કારથી સમગ્ર સમાજમાં અને વિશ્વમાં મહેક પ્રસરાવવી.

આપણા ઋષિ-મુનિઓએ મનુષ્યના પંચકોષાત્મક વિકાસની વાત કરી છે. આ પાંચ કોષનો આંતરસંબંધ પર શરીર, પ્રાણ,મન, બુદ્ધિ અને આત્માની સાથે છે. હવે આપણે આ વાત સમજીએ.

| ક્રમ | કોષ | વિકાસ | મહાભૂત |
|---|---|---|---|
| (૧) | અન્નમય કોષ | શારીરિક વિકાસ | પૃથ્વી |
| (૨) | પ્રાણમય કોષ | પ્રાણિક વિકાસ | વાયુ |
| (૩) | મનોમય કોષ | માનસિક વિકાસ | જલ |
| (૪) | વિજ્ઞાનમય કોષ | બૌદ્ધિક વિકાસ | અગ્નિ |
| (૫) | આનંદમય કોષ | આત્મિક વિકાસ | આકાશ |

ઉપરોક્ત પાંચેય કોષનો વિકાસ કઈ રીતે સાધી શકાય તે બાબત નીચેના કોઠામાંથી સમજી શકશે -

| ક્રમ | કોષ | વિકાસના આયામો | વિકાસનાં કારક તત્ત્વો |
|---|---|---|---|
| (૧) | અન્નમય | વૃદ્ધિ, બળ, લચીલાપણું કુશળતા, નિરામયતા અને તિતિક્ષા (સહનશીલતા) | ભોજન, વ્યાયામ, નિંદ્રા, પ્રાણ અને મન |
| (૨) | પ્રાણમય | પ્રાણ બળવાન હોવો<br>પ્રાણ સંતુલિત હોવો<br>પ્રાણ એકાગ્ર હોવો | શુદ્ધ પ્રાણયુક્ત વાયુ,<br>સાચી શ્વસન પ્રક્રિયા, જ્ઞાનતંત્રની શુદ્ધિ<br>પ્રાણાયામ, ભોજન અને નિદ્રા |
| (૩) | મનોમય | એકાગ્રતા, શાંતિ, અનાશક્તિ, દ્વંદ્વનો અંત, વિકારોથી મુક્તિ, સદ્ગુણ અને સદાચાર, બુદ્ધિને વંશમાં કરવી | યોગાભ્યાસ, સંગીત, ભોજન, સત્સંગ અને સ્વાધ્યાય સેવાકાર્ય સેવાકાર્ય |
| (૪) | વિજ્ઞાનમય | ગ્રહણશક્તિ, ધારણાશક્તિ, સ્મૃતિશક્તિ, કલ્પના શક્તિ, નિરીક્ષણ-પરીક્ષણ શક્તિ, તર્કશક્તિ, અનુમાનશક્તિ, વિશ્લેષણ-સંશ્લેષણશક્તિ | અભ્યાસ, અધ્યયન પદ્ધતિ, જિજ્ઞાસા જાગૃત કરવી, મન -બુદ્ધિનો સમન્વય, સેવા, શ્રદ્ધા, તત્પરતા અને ઈન્દ્રિય સંયમ |
| (૫) | આનંદમય | ચિત્તને શુદ્ધ કરવું, મૂળ પ્રગટ કરવું, મૂળ રૂપ એટલે - પ્રેમસ્વરૂપ, આનંદ સ્વરૂપ, સૌંદર્યબોધથી યુક્ત સ્વતંત્ર અને સહજ | (૧) અન્નમયથી લઈને વિજ્ઞાનમય કોષોનો સમ્યક્ વિકાસ<br>(૨) સ્વાર્થ-ત્યાગની વૃત્તિ, સેવાભાવ અને સેવાકાર્ય<br>(૩) ધ્યાન-સમાધિ-ચિત્તશુદ્ધિ -સંસ્કારબીજ<br>(૪) નિરપેક્ષ ભાવથી કર્મ<br>(૫) ભક્તિ અને પ્રેમ<br>(૬) આહારશુદ્ધિ દ્વારા સત્ત્વશુદ્ધિ |

આ લેખમાં વિકાસને અનુલક્ષીને ઘણા શબ્દો અને શબ્દપ્રયોગો પ્રયોજવા છે. એ શબ્દનું ચિંતન, વિસ્તરણ અને એની ચર્ચા કરશો તો વિકાસની દિશા સ્પષ્ટ સમજાશે.... અને આપના બાળકને પરિપૂર્ણ માનવ બનાવવાનું શ્રેય મેળવી શકશો.

નરમાં નારાયણ અને નારીમાં નારાયણ બનાવાની ક્ષમતા પરમકૃપાળું પરમાત્માએ મનુષ્યમાં પહેલેથી મૂકી જ છે... ચાલો એને બહાર લાવીએ.

# ભમરીઓની વાત કરીએ તો ૩-૪ ભમરીઓ એક સાથે એક જ વસાહત બનાવે છે, અને એક જ જગ્યાએ તેમનાં ઇંડાને રાખીને સમુહમાં સંયુક્તપણે કાળજી લઇને બચ્ચાં ઉછેર કરે છે

## વન્યસૃષ્ટિ પરિચય
### પ્રાણીઓમાં સહકારી બાળ-ઉછેર

***- હેમંત સુથાર***

સહકારી બાળ-ઉછેર જેને અંગ્રેજીમાં કો-ઓપરેટીવ બ્રીડીંગ **(Co-oprative Breeding)** કહે છે. બચ્ચાઓનાં ઉછેર કાર્યમાં એકથી વધુ સભ્યો સામેલ હોય તેને કાર્યમાં એકથી વધુ સભ્યો સામેલ હોય તેને સહકારી બચ્ચાં-ઉછેર કહે છે. કોઇ પક્ષીનો એક માળો હોય અને તે માળામાં રહેલાં બચ્ચાંઓને તેમનો જન્મ આપનાર માતા-પિતા ઉપરાંત અન્ય બે કે વધુ પક્ષીઓ ઉછેરમાં સહભાગી બનતાં હોય ત્યારે આ પ્રકારનો ઉછેર કહેવાય છે. આ પ્રકારના બચ્ચાં ઉછેરમાં બે પ્રકારની વ્યવસ્થા હોય છે. જેમાં માતૃત્વમાં ભાગાદારી કે મદદગારી હોય છે અથવા તો પિતૃત્વમાં ભાગીદારી હોય છે અથવા બંને જોવા મળે છે. એટલે કે એક જ બચ્ચાંને બે થી વધુ માતાઓની, પિતાઓની સેવા કરે છે.

બચ્ચાંને જન્મ આપનાર માતા-પિતા ઉછેરનાર (બ્રીડર) કહેવાય છે અને તેમના બચ્ચાં ઉછેરમાં મદદરૂપ બનનાર સહાયકર્તા (હેલ્પર) કહેવાય છે. સહાયકર્તા સભ્યો મોટા ભાગે તેજ જાતિનાં, બચ્ચાંના ભાઇ-બહેન, સગા કે સાવકાં હોય છે. સહાયકર્તા બચ્ચાંઓનાં જન્મ પહેલાં જન્મ આપનાર માતાને માળો બાંધવામાં કે પ્રસૃતિ સ્થાન તૈયાર કરવામાં મદદરૂપ બને છે. ઇંડા મુકાય ત્યારે ઇંડાનું સેવન કરવામાં મદદરૂપ બને છે. બચ્ચાં હોય તો તેમને ખવડાવવામાં તેમના પેદા કરનારા માતા-પિતાને પાલકની જેમ મદદરૂપ બને છે. સહાયકર્તા સભ્યો બચ્ચાંને દુશ્મનોથી બચાવવા માટે મદદરૂપ બને છે. ભયસૂચક અવાજ કરે છે અને માતાપિતાને જાણ કરે છે. દુશ્મનને ભગાડવામાં કે હુમલો કરવા સમયે પણ મદદરૂપ બને છે. બચ્ચાંઓની સાફ-સફાઇ, ચરક/હગાર દૂર કરીને માળા કે જગ્યાની સફાઇ જેવા કાર્યોમાં જન્મ આપનાર માતા-પિતાને મદદ કરે છે.



પક્ષીઓ, સસ્તન પ્રાણીઓ, ઉભયજીવીઓ, માછલીઓ અને કીટકોમાં સહકારી ઉછેર પદ્ધતિ જોવા મળે છે. આમ તો આ પ્રકારના વર્તણૂંક ખુબ જ જૂજ પ્રમાણમાં જોવા મળી આવે છે. પરંતુ આવું શા માટે થતું હોય છે. કોઇ પ્રાણી પોતાની જ જાતિનાં પોતાના બચ્ચાં ન હોય તેવા નર-માદાઓની જોડીને બચ્ચાં ઉછેર કરવામાં મદદરૂપ કેમ બંને છે? તે સંશોધન કર્તાઓ માટે રસનો વિષય બનેલ છે.

સહકારી ઉછેર વૃત્તિ પક્ષીઓમાં ખાસ કરીને કાગડાઓ, જાય, લક્કડખોદ, જળકૂકડી (મુરહેન) વગેરેમાં વિશેષ જોવા મળી છે. પક્ષીઓની કુલ જાતિઓનાં 3% એટલે કે 300 જેટલા પક્ષીની જાતિઓમાં કો-ઓપરેટીવ બ્રીડીંગ જોવા મળ્યું છે.

કીટકોમાં હાઇમેનોપ્ટેરા શ્રેણીનાં કીટકો જેવા કે કીડી, મંકોડા, ઉધઇ, ભમરી મધમાખીઓમાં જોઇ શકાય છે. તેથી જ આપણે તેને સામાજીક કીટકો તરીકે ઓળખીએ છીએ. કીડીઓ, ઉધઇ, મધમાખીઓમાં દર, રાફડા કે મધપૂડામાં એક જ મોટા કદની રાણીના ઇંડા મુકેલા બચ્ચાં હોય છે. આવા હજ્જારો બચ્ચાંઓની કાળજી, ઉછેર અને રક્ષણની જવાબદારી તે રાણીના બચ્ચાં મજૂર, સૈનિક જેવા કાર્યો કરતાં ઉછેરે છે.

ભમરીઓની વાત કરીએ તો ૩-૪ ભમરીઓ એક સાથે એક જ વસાહત બનાવે છે. અને એક જ જગ્યાએ તેમનાં ઇંડાને રાખીને સમુહમાં સંયુક્તપણે કાળજી લઇને બચ્ચાં ઉછેર કરે છે.


સહકારી ઉછેર વૃત્તિ ઉષ્ણકટિબંધ અને સમશિતોષ્ણ કટિબંધ ભાગોમાં તથા શૃષ્ક અને અર્ધશૃષ્ક વિસ્તારોમાં ખાસ જોવા મળે છે. આવા ભાગોમાં સ્રોતોની હંમેશા અછત હોય છે. તથા પર્યાવરણીય અનુકૂળતાઓની અનિશ્ચિતતાઓ મોટા પ્રમાણમાં હોય છે તેના કારણે જીવોમાં આ પ્રકારની વૃત્તિઓ ઉદ્ભવી હોઇ શકે છે. અગાઉની વેતરમાં જન્મેલા બચ્ચાં તે પછીની વેતરમાં જન્મતાં પોતાના ભાઇ-બહેનોની આ રીતે કાળજી લે છે. આવા મદદકર્તા જીવોમાં નગરનું પ્રમાણ વિશેષ હોય છે. તેમને તેમની ક્ષેત્રિયતા (ટેરીટરી) મળી નથી હોતી પોતાના માલિકીના સ્વતંત્ર વિસ્તારના અભાવને લીધે પોતાના બચ્ચાં ઉછેરવાને બદલે અન્ય જન્મ આપનાર માતાપિતાને મદદરૂપ બનીને ખોટી હરિફાઇને ટાળે છે. મૂળ માતા-પિતા પણ મદદરૂપ બનતા સભ્યો બચ્ચાંની કાળજી વધુ રાખે છે. તેમને ચારો/ખોરાક પણ માતાપિતા કરતાં વધુ આપે છે. આ પ્રકારની જીવજાતિઓ વરસો વરસ એક જ જગ્યાએ રહેતી હોય છે. તેમનો વ્યાપ મર્યાદિત હોય છે અને એક જ નર-માદાની જોડી કાયમી બનતી હોય છે.

આપણે ત્યાં કોયલો કાગડાઓનાં માળામાં કેમ ઉછેરે છે? કાવિયા કોશી નામનું પક્ષી "પોલીસ પટેલ" ના હુલામણાં નામથી ઓળખાય છે કારણ કે તે અન્ય પક્ષીઓનાં માળાઓમાં રહેલાં ઇંડા કે બચ્ચાંઓનું શિકારી પક્ષોઓથી રક્ષણ ખરે છે.

વિવિધ જીવો પોતાની જાતિના અસ્તિત્વને ટકાવી રાખવા માટે આ પ્રકારની સહકાર સહભાગીના અને સમુહમાં રહેવાની વૃત્તિ કેળવે છે. તેમાંથી માનવોએ શીખ લેવી રહી.

# જંત્રીનું મૂલ્યાંકન કરવા દસ્તાવેજનો આધાર લેવાશે - ગુજરાત સરકાર

## વાત કાનૂન કાયદાની...



અશ્વિન વી. ત્રિવેદી - એડવોકેટ

ગુજરાત સરકારના મહેસૂલ વિભાગે ૨૦૧૪માં તાજેતરમાં જમીન અંગેના જંત્રીના ભાવો નક્કી કરવા એપ્રિલ ૨૦૧૧થી રાજયભરમાં અસ્તિત્વમાં આવેલી જમીન-મિલ્કત સંબંધીત એન્યુઅલ સ્ટેટમેન્ટ ઓફ સ્ટ્રેસ - ૨૦૧૧ જંત્રીનું મૂલ્યાંકન કરવા ચોથી વખત રી-સર્વે શરૂ કરેલ છે.

અગાઉ ત્રણ વખત તલાટીથી લઇને કલેકટર સુધીના દસ લાખ કર્મચારી, અધિકારીઓને જમીન મિલ્કતની વાર્કેટ વેલ્યુ જાણવા ખેડૂતો, ડેવલોપર્સ, સ્ટોક હોલ્ડર્સ સહિત તમામ વર્ગ પાસે જઇને ફિઝીકલ સર્વે મહેસૂલ વિભાગે કરેલ છે. જે ૨૦૧૪ માં છેલ્લા ત્રણ વર્ષમાં થયેલા દસ્તાવેજોના મૂલ્યાંકનનો આધાર લેવાનું નક્કી કરેલ છે. જેથી ત્રણ વર્ષ જૂની જંત્રીને હાલમાં સંજોગોમાં ટકાવી શકાય.

મહેસૂલ વિભાગના સૂત્રમાંથી મળતી માહિતી અનુસાર એપ્રિલ ૨૦૧૧ થી સેમ્પલ અને ૨૦૧૪ અને ૨૦૧૩માં જમીન, મિલ્કતના બજારભાવ જાણવા માટે જીલ્લા કલેકટરોએ પોતાના વિસ્તારના બજારભાવ જાણવા માટે જીલ્લા કલેકટરોએ પોતાના વિસ્તારના ખેડૂતો, ડેવલોપર્સ, બિલ્ડર્સ, ઉદ્યોગપતિ સામાન્ય નાગરિક સંગઠનો સાથે બેઠકો કરી વિચાર વિમર્સ કરી બજાર ભાવની વાસ્તવિકતાની નજીક પહોંચવાના પ્રયત્નો કરીને લગત રેવનું વિભાગને પોતાના અભિપ્રાત જીલ્લાવાર મોકલાવેલ.

જમીન મિલ્કતના બજારભાવ જાણવા માટે સ્થળસ્થિતિના પંચનામા પણ તલાટી મારફ્ત કરવામાં આવ્યા હતા અને તેના આધારે બજાર ભાવ નક્કી કરી જંત્રી નક્કી કરવામાં આવેલ હતી તેમ છતાં બજાર ભાવોમાં ઘણી અરાજકતા જોવા મળી હતી.

આ બાબતે એક ચોરસ કિલોમીટરનો એક એવા ગ્રામ્ય વિસ્તારના ૩.૫૬ લાખ અને શહેરી વિસ્તારમાં ૧.૦૮ લાખ વેલ્યુઝોનમાં બદલાયેલ સ્થળ સ્થિતિ અને નાગરિક સવલતોનું આકલન કરવા માટે ઉપરાંત વર્ષ ૨૦૧૧ની જંત્રીને આધારે થયેલા દસ્તાવેજનું પુન:મૂલ્યાંકન કરવા ઉપર વધારે ભાર મૂકવામાં આવે છે.

જે તે વેલ્યુ ઝોનમાં છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન થયેલા દસ્તાવેજોમાં દર્શાવાયેલી કિંમતના આધારે નવી જંત્રીના દરો માટે વેલ્યુ ઝોન સ્તરેથી દસ્તાવેજો કરવામાં આવશે. તેમ જણાવતા ઇન્સ્પેક્ટર જનરલ રજીસ્ટ્રેશન અને સુપ્રીટેન્ડન્ડસ્ટ ઓફ સ્ટેમ્પ કચેરીમાં રજૂ થયેલા દસ્તાવેજોનો પણ આધાર તરીકે ઉપયોગ કરવામાં આવશે તથા સ્ટેમ્પ ડ્યુટી લગત થયેલ રીવીઝનમાં આવેલા ચુકાદાને પણ ધ્યાને લેવામાં આવશે. જેમાં જે સ્થળે એક પણ જમીન મિલ્કતનો સોદો ન થયો હોય કે રજીસ્ટર ઓફિસમાં વેચાણ દસ્તાવેજ નોંધાયેલ ના હોય તેવા વિસ્તારમાં વેલ્યું અંગે અલગથી મૂલવણી કરવામાં આવશે. ૧૫ ફેબ્રુઆરી ૨૦૧૪ સુધીમાં આવી તમામ મૂલવણી જે તે જીલ્લાઓમાં પુરી કરવામાં આવે તે રીતે તૈયારી કરવામાં આવશે અને ત્યારબાદ જીલ્લાવાર આવેલા મૂલ્યાંકન રીપોર્ટના આધારે નવી જંત્રીના દરો નક્કી કરવામાં આવશે અને સંભવિત ૧/૪/૨૦૧૪ થી નવી જંત્રીના દરો દરેક જીલ્લામાં અમલમાં આવે તે રીતની કામગીરી હાલ કરવામાં આવી રહી છે.

છેલ્લા ત્રણ વર્ષથી ૨૦૧૧ થી નવી જંત્રીના કારણે ઘણાખરા જીલ્લાઓમાં જમીન મિલ્કતના સોદાઓ અટકી પડેલ છે તેમજ નવી જૂની શરતની જમીન અંગે પ્રિમિયમ અંગે પણ રીવ્યુ કમિટીની મીટીંગ મળી નથી. તેવા સંજોગોમાં ૨૦૧૪ ની નવી જંત્રીથી બજારમાં તેજી આવશે કે મંદીનો માહોલ જળવાઇ રહેશે તે કહેવા માટે જમીન દલાલો, બિલ્ડરો, ખેડૂતો કે જમીનમાં રોકાણકારો અત્યારે અસમર્થ છે. જીલ્લાવાર પ્રારંભિક સર્વેક્ષણ મહેસૂલ જંત્રી વધશે કે ઘટશે તેની જાણકારી પણ મહેસૂલ વિભાગ પાસે ઉપલબ્ધ નથી તેવા સંજોગોમાં ખેડૂતો માટે રોકાણ માટે બિલ્ડરો માટે ૨૦૧૪ નું વર્ષ જમીન, મિલ્કતના સોદા માટે આશાવંત રહેશે તે ૨૦૧૧ ની ચાલતી મંદીનો દોર રહેશે ૨૦૧૫ સુધી લંબારે તે રીયલ એસ્ટેટમાં ચર્ચાનો વિષય છે. આગામી લોકસભાની ચૂંટણી પણ નજીકમાં હોવાથી જંત્રીના ભાવો ઘટાડવા અંગે બિલ્ડરલોબી આશાવાદી છે.